# પ્રો-એક્ટિવ ડિસ્કલોઝર

# (૨૦૨૬-૨૭)

# 1 સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટનું વ્યવસ્થાતંત્ર તથા કાર્ય અને ફરજો નીચે જણાવ્યા પ્રમાણે છે

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, આઈ.એ.એસ. | એકઝીક્યુટીવ ડાયરેકટર |
| ૨ | શ્રી જગદીશભાઈ એ.પટેલ | ચીફ જનરલ મેનેજર (ટેક.) |
| ૩ | શ્રી દિપકભાઈ પટેલ | જનરલ મેનેજર (એડમીન અને ફાઈનાન્સ) |
| ૪ | શ્રી અનસૂયાબેન ઝા | જનરલ મેનેજર (પ્લાનીંગ અને ડેવ.) |
| ૫ | શ્રી વિશાલભાઈ નાયક | જનરલ મેનેજર (ઇલેક્ટ્રીકલ) |
| ૬ | ડૉ. આસિફ મેમન | જનરલ મેનેજર (ગાર્ડન) |
| ૭ | શ્રી પલ્કેશભાઈ પરીખ | ડે.જનરલ મેનેજર (ટેક.) ઈન્ચાર્જ |
| ૮ | શ્રી એ.એ.મલ | ડે.જનરલ મેનેજર (લાઈટ) |
| ૯ | શ્રી દિપક નાયક | ડે.જનરલ મેનેજર (ઓપરેશન) |
| ૧૦ | શ્રી શુશાંત ભટ્ટ | ડે.જનરલ મેનેજર (માર્કેટીંગ) |
| ૧૧ | શ્રી દિપાબેન દવે | ડે.મેનેજર (અર્બન પ્લાનર) |
| ૧૨ | શ્રી વાય.વી.જોષી | આસી.ટી.ડી.ઓ. (પ્લાનીંગ અને ડેવ.) |
| ૧૩ | શ્રી મનિષભાઈ શાહ | ડે.એચ.ઓ.ડી. (આર એન્ડ આર) |
| ૧૪ | શ્રી દિશા શાહ | આસી. મેનેજર (એચ.આર.) |
| ૧૫ | શ્રી કલ્પેશ પટેલ | આસી. મેનેજર (એડમીન) |
| ૧૬ | શ્રી મહેન્દ્રભાઈ રાઠોડ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૭ | શ્રી મનિષ પટેલ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૮ | શ્રી વર્ષાબેન પટેલ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૯ | શ્રી અર્પિતા જે. મીસ્ત્રી | આસી.સીટી.એન્જીનીયર (લાઈટ) |

# 2 પ્રોજેક્ટની માહિતી અને વિશિષ્ટ લાક્ષણિકતાઓ

સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઊભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો ધરાવતા સાબરમતી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઝડપથી, સરળતાથી તથા અસરકારક રીતે સાકાર કરવાના હેતુસર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા સને ૧૯૯૭ માં કંપનીધારા ૧૯૫૬ હેઠળ સાબરમતી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. (SRFDCL) સ્વાયત્ત કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે. જેના દ્વારા નદીના કાંઠાનો વિકાસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સાબરમતી નદીના શુદ્ધિકરણ સાથે અમદાવાદના પર્યાવરણની જાળવણી સારૂ આ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના બંને કાંઠાના વિકાસ માટેનું આયોજન તથા પર્યાવરણીય પાસાઓ સાથે નદીના બંને કાંઠે વરસાદી પાણીના નાળાઓમાંથી ઠલવાતા સુએજને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા અંગેની અને તેને સંલગ્ન કામગીરી અંગેના આયોજનની સાથે શહેરના ગ્રીન કવરમાં વધારો થાય તે માટે વૃક્ષો, બાગ બગીચા તથા વનીકરણનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત નદીની સરેરાશ પહોળાઈ અંદાજે ૨૭૫ મીટર રાખી ડાઉન સ્ટ્રીમમાં આવેલ વાસણા બેરેજના કારણે નદીમાં કરી શકાતા જળસંગ્રહની નજીકમાં હરવા ફરવા માટે બંને કાંઠે અંદાજે ૯ થી ૧૧ મીટર પહોળાઈના વોક-વે તૈયાર કરી રીટેઈનીંગ વોલનું બાંધકામ કરી વિકાસ માટે પ્રાપ્ત જમીન ઉપર બંને બાજુ રોડનું બાંધકામ, મોટા પાયે બગીચા તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ માટે જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓના કામો પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત સાબરમતી નદીમાં વિવિધ પોઈન્ટ પર બોટીંગ, વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીઝ ચાલુ કરાવવામાં આવેલ છે. નદીના બંને કિનારા પર આવેલ અન્યત્ર વસાવવા પાત્ર ઝુંપડા/કુટુંબોને ઈ.ડબ્લ્યુ.એસ ના આવાસોમાં વસાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે જે અંતર્ગત ૧૦૦૪૬ કુટુંબોનું પુનર્વસન કરવામાં આવેલ છે. નદીના બંને તરફ નદીના પટમાં આવેલ વસાહતીઓને માનનીય ગુજરાત હાઈકોર્ટના ડાયરેકશન મુજબ પુનર્વસન ની કામગીરી પૂર્ણ થયેલ છે.

સદરહું પ્રોજેક્ટ માટે જરૂરી મૂળભૂત કોમ્પોનેન્ટસનાં કામો પૂર્ણ થયેલ છે જેમાં સ્કાવર પ્રોટેક્શન માટે જરૂરી આર.સી.સી.ડાયાફ્રામ વોલ, રીટેઈનીંગ વોલનું કામ, ઘાટ અને નીચેના વોક-વે લેવલે પહોંચવા માટે જરૂરી સીડીઓ, રીટેઈનીંગવોલની પાછળ અર્થ ફીલીંગનું કામ વિગેરે પૂર્ણ થયેલ છે. નદીના બંને બાજુએ આવેલ સ્ટોર્મ વોટર આઉટલેટ્સમાંથી બારે માસ આવતા સુએજને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા જરૂરી ઈન્ટરસેપ્ટર લાઈન જંકશન ચેમ્બર અને વાસણા બરાજ ડાઉન સ્ટ્રીમસુધીનાં આર.સી.સી. ડક્ટ અને પાઈપ લાઈનનાં કામો પૂર્ણ થયેલ છે અને ઈન્ટરમીડીએટ પમ્પીંગ સ્ટેશન તથા ટર્મિનલ સુએજ પમ્પીંગ સ્ટેશનો છેલ્લા સોળ વર્ષથી કાર્યરત છે. હાલમાં બંને કિનારાઓથી ટર્મિનલ પમ્પીંગ સ્ટેશન પછીનું સુએજ આ સીસ્ટમની કેપેસીટી અનુસાર ડાયવર્ટ કરી હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ તરફ મોકલવામાં આવે છે.

નદીના પશ્ચિમ કાંઠે દધિચીબ્રીજ થી આંબેડકર બ્રિજ સુધીનો રોડ (દધિચીબ્રીજ,ગાંધીબ્રીજ, નહેરૂબ્રીજ, એલિસબ્રીજ, સરદારબ્રીજ તથા આંબેડકર બ્રીજના અન્ડરપાસ સહિત) પૂર્ણ થયેલ છે આ ઉપરાંત નદીના પૂર્વ કાંઠે પણ દફનાળાથી લઈને આંબેડકરબ્રીજ સુધીના રોડ (રેલ્વે બ્રીજ, સુભાષબ્રીજ,દધિચીબ્રીજ,ગાંધીબ્રીજ,નહેરૂબ્રીજ, એલિસબ્રીજ, સરદારબ્રીજ તથા આંબેડકર બ્રીજના અન્ડરપાસ સહિત)ની કામગીરી પૂર્ણ થયેલ છે. નદીના બંને કિનારે લોઅર લેવલે જરૂરી રેલીંગ સીટીંગ અને લાઈટીંગની કામગીરી પૂર્ણ થયેલ છે.આ ઉપરાંત ઈન્ફોર્મલ માર્કેટ (રીવરફ્રન્ટ માર્કેટ), ધોબીઘાટ, ઈવેન્ટ ગ્રાઉન્ડ, સુભાષબ્રીજ અને ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન, ફ્લાવર પાર્ક, ચિલ્ડ્રન પાર્ક, બી.જે.પાર્ક, બાયોડાયવર્સીટી પાર્ક (નદીની પશ્ચિમબાજુએ આંબેડકરબ્રીજ પાસે આશરે ૯ હેકટર જમીનમાં - કુલ ૪૫,000 નંગ ઝાડનું પ્લાન્ટેશન જેમાં કુલ ૧૭૦ દુર્લભ પ્રજાતીના ઝાડ રોપવામાં આવેલ છે. જે ગુજરાતનાં અલગ-અલગ જગ્યાએથી લાવવામાં આવેલ છે.)

તેમજ અપર લેવલે ટોઈલેટ બ્લોકનું કામ પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત રીટેઈનીંગ વોલની પાછળના ભાગે ઉપર તરફ પણ અપરલેવલ વોક-વે તથા અપર વોક-વે થી લોઅર લેવલ વોક-વે જવા માટે લીફ્ટ વગેરેના કામો પૂર્ણ થયેલ છે. સાબરમતી નદી ઉપર એલીસબ્રીજ તથા સરદારબ્રીજ વચ્ચે આઈકોનીક સ્ટીલ ફુટ ઓવરબ્રીજ (પેડેસ્ટ્રીયન બ્રીજ) નું કામ પૂર્ણ થયેલ છે જેનું ઓગષ્ટ-૨૦૨૨ માં લોકાર્પણ કરવામાં આવેલ છે. નદીના પશ્ચિમ કાંઠે એન.આઈ.ડી.ની સામેના ભાગે તથા પૂર્વ કાંઠે માસ્ટર કોલોની પાસે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અને રિવરફ્રન્ટ ફ્લાવર પાર્કની સામેના ભાગે મલ્ટી લેવલ પાર્કિંગ ની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવેલ છે.

**ફેઈઝ-૨**

- ફેઈઝ-૨ પ્રોજેક્ટમાં નદીની બંને બાજુ દફનાળા થી ઈન્દિરા બ્રીજ સુધીના ૫.૫૦ કિ.મી.ની નદીની લંબાઈમાં (બંને બાજુ ઉપર કુલ ૧૧ કિ.મી.) અંદાજીત રૂા. ૧૨૦૦ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ ડેવલપ કરવાનું કામ હાથ ધરવામાં આવેલ છે. જે કામગીરી ખૂબ ઝડપે ચાલુ છે જેથી બંને બાજુએ થઈને કુલ લંબાઈ ૩૪ કિ.મી.ની થશે.
- ફેઈઝ-૨ અંતર્ગત સ્ટેપ્ડ એમ્બેન્કમેન્ટ ટાઈપની ડિઝાઈન કરી મહત્તમ વૃક્ષો ઉગાડી એક્ટિવ તથા ગ્રીન ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
- રીવરફ્રન્ટ ફેઈઝ-૨ હાલનાં રીવરફ્રન્ટ ફેઈઝ-૧ કરતાં વધારે હરિયાળો હશે. તેમાં નદીનાં બંને કાંઠે ગ્રીન ઝોન, અલગ અલગ લેવલ પર વૃક્ષોનું વાવેતર, ચિલ્ડ્રન પ્લે એરિયા, ફૂડ પ્લાઝા, આર્ટ કલ્ચર અને સ્વાસ્થ્ય માટે તેમજ લોકો માટે જુદા જુદા લેવલ પર સીટીંગ વ્યવસ્થા જેવી સુવિધાઓ હશે.
- સૂચિત બેરેજ કમ બ્રીજનાં નિર્માણ થકી ફેઈઝ-૨થી સંતસરોવર સુધીના વિસ્તારમાં નદીમાં પાણીનું લેવલ જળવાઈ રહેશે. જેથી આકસ્મિક સંજોગોમાં તથા નર્મદા કેનાલનાં મેઈન્ટેનન્સ દરમ્યાન ૧૦ થી ૧૫ દિવસ સુધી અમદાવાદ શહેર માટે પાણીનો સંગ્રહ કરી શકાશે.
- સૂચિત બેરેજ કમ બ્રીજ બનવાનાં કારણે શહેરમાં ચાંદખેડા, સાબરમતી, મોટેરા જેવા વિસ્તારને હાંસોલ વિસ્તાર તથા એરપોર્ટ સાથે સીધી કનેક્ટિવિટી મળશે. જેથી ટ્રાફિક સમસ્યા ઘણી જ હળવી બનશે.
- ફેઈઝ-૨ થવાથી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ વાસણા બેરેજ થી ઈન્દિરા બ્રીજ સુધી સાબરમતી નદીને સમાંતર બનશે. જેનાથી પસાર થતાં લોકોને નદી કિનારે ડ્રાઈવ કરતાં આલ્હાદક અનુભવ મળશે.
- ફેઈઝ-૨ ના વિસ્તારમાં ડેવલપમેન્ટની કામગીરી માટે હાઈડ્રોલોજી તેમજ હાઈડ્રોલીક સ્ટડીનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. તથા તેના માટે એન્વાયરમેન્ટલ ક્લીયરન્સ પણ મેળવવામાં આવેલ છે.
- સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ફેઈઝ-૨ માટે અમદાવાદ જીલ્લાની ૪ ગામની આશરે ૭૨ હેક્ટર નદી પૈકીની જમીનનો આઝોતરો કબજો મળેલ છે તથા ગાંધીનગર જિલ્લાનાં ૨ ગામની નદી પૈકીની આશરે ૨૦ હેક્ટર જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.
- સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં કેન્ટોનમેન્ટ ની પાછળનાં ભાગમાં કેન્ટોનમેન્ટ બોર્ડ સાથે થયેલ એમ.ઓ.યુ. મુજબ તાજેતરમાં ૧૩ હેક્ટર જમીન પ્રાપ્ત થયેલ હોઈ આ ભાગમાં તાકીદે રિવરફ્રન્ટ વિકસાવવા માટેના કામનું આયોજન કરવામાં આવેલ છે.
- ફેઈઝ-૨ અંતર્ગત નદીના પૂર્વ કાંઠે ડફનાળા થી સદર બજાર સુધી ડાયાફ્રામ વોલ તથા રીટેઈનીંગ વોલનું કામ ૯૮.૦૧ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે તથા હાલમાં આ ભાગમાં રૂ.૨૫.૦૦ કરોડના એસ્ટીમેટેડ ખર્ચે રોડ ડેવલપ કરવાની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત પૂર્વ કાંઠે સદર બજાર થી ઈન્દિરાબ્રિજ સુધી રૂ.૧૨૬.૦૨ કરોડ ના ખર્ચે તથા પશ્ચિમ કાંઠે અચેરેન્જવેલ થી ઈન્દિરા બ્રિજ સુધી રૂ.૯૧.૫૮ કરોડના ખર્ચે ડાયાફ્રામ વોલ નું કાર્ય પૂર્ણ થયેલ છે. અને તેની ઉપર બંને કાંઠે રીટેઈનીંગ વોલનું કામ રૂ.૨૭૫.૦૦કરોડના એસ્ટીમેટેડ ખર્ચે ચાલુ છે. આ ઉપરાંત સુચિત બ્રિજ કમ બેરેજનું કાર્ય રૂ. ૨૯૩.૪૨ કરોડના એસ્ટીમેટેડ ખર્ચે ચાલુ છે. આ ઉપરાંત અપર લેવલે રૂ.૧૮૦ કરોડના ખર્ચે ફેઈઝ-૨માં પૂર્વ અને પશ્ચિમ કાંઠે રોડનું કામ ચાલુ કરવામાં આવેલ છે.

**સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ફેઈઝ-3:**

- સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ઈન્દિરા બ્રીજથી નર્મદા કેનાલ સાયફન સુધી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટનું કામ રૂ.૧000 કરોડના ખર્ચે દુબઈ સ્થિત કંપની દ્વારા ફીલન્થ્રોફી અંતર્ગત ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તેમજ સા.રી.ફ્ર.ડે.કો.લી દ્વારા હાથ ધરવામાં આવેલ છે.જેમાં હાલમાં ડાયાફ્રામ વોલ અને લોઅર પ્રોમીનાડનું કામ હાલમાં ચાલુ છે.
- ફેઈઝ-3 અંતર્ગત ૧0 વ્યુઈંગ પ્લાઝા,પોન્ટુન અને ૨0,000 થી વધુ ગીચ પ્લાન્ટેશન લોઅર પ્રોમીનાડ લેવલે હાથ ધરવાનું આયોજન છે.

સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટની મુલાકાતે આવતા સહેલાણીઓને મનોરંજન તથા ખાણી-પીણીની સુવિધા મળી રહે તે હેતુથી સુભાષબ્રીજ નીચે પૂર્વ તરફ બે તથા તેમજ સરદાર સ્મારક પાસે ફૂડકોર્ટ / સ્કીઓસ્ક કાર્યરત કરવામાં આવેલ છે. વિવિધ પોઈન્ટ પર બોટીંગ એક્ટિવિટી તથા સાયકલ શેરીંગ પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવેલ છે તેમજ સરદાર બ્રિજ પાસે રિવરક્રૂઝ પણ ચાલુ કરવામાં આવેલ છે.સદરહું પ્રોજેક્ટ અંતર્ગત પ્રાપ્ત થયેલ જમીનનાં લેન્ડ યુઝ પ્લાનની રાજ્ય સરકાર પાસેથી મંજુરી મેળવેલ છે. તા:-3૧/03/૨0૨૫ સુધીમાં આ પ્રોજેક્ટના કામો પાછળ રૂ.૨0૪૭.૮૪કરોડ ખર્ચ થયેલ છે.

**એન્ટરટેઈન્મેન્ટ હબ**
ઈમેજિકા ગ્રુપ દ્વારા અટલ બ્રિજની ઈસ્ટ બાજુ ૧૧ એકરની જમીનમાં એન્ટરટેઈન્મેન્ટ હબ ડેવલપ કરવામાં આવશે. જેની ટોટલ પ્રોજેક્ટ કોસ્ટ રૂ. ૧૩૦ કરોડ છે. જેમાં વિવિધ પ્રકારની ઈન્ટરનેશનલ રાઈડ નો સમાવેશ થશે.

**ટ્રોપિકલ ફોરેસ્ટ**
અમદાવાદ રિવરફ્રન્ટ પર સાબરમતી ટ્રોપિકલ ગાર્ડન એક હરિયાળું આકર્ષણ છે. એક વિશાળ આબોહવા - નિયંત્રિત ડોમની અંદર આ ગાર્ડનમાં હેલીકોર્નિયા, ઓર્કિડ અને ફર્ન જેવા થીમ આધારિત ઉષ્ણકટીબંધીય છોડ પ્રદર્શિત કરશે. તેમાં સૌર ઉર્જા પેનલ્સ અને પાણીની કાર્યક્ષમતા માટે બે-તબક્કાની બાષ્પીભવન પ્રણાલી જેવી ટકાઉ તકનીકો છે. વોક-વે, પાણીની સુવિધાઓ અને સમૃદ્ધ લેન્ડસ્કેપિંગ સાથે આ રૂ. ૫૭.૦૦ કરોડ નો પ્રોજેક્ટ શહેરના એક અનોખો, પર્યાવરણને અનુકૂળ વનસ્પતિ અનુભવ પ્રદાન કરવાનો પ્રોજેક્ટ છે.

**બાયો ડાયવર્સિટી પાર્કમાં મેડીટેશન કમ યોગા સેન્ટર :** સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ (ફેઈઝ-૧) અંતર્ગત નદીની પશ્ચિમ બાજુએ બાયો-ડાયવર્સિટી પાર્કમાં આશરે રૂ. ૨૩.૫૩ કરોડના ખર્ચે મેડીટેશન કમ યોગા સેન્ટરનું આયોજન કરવામાં આવેલ હતું તે અંતર્ગત કન્સલ્ટન્ટ તરીકે મે. કમલેશ પારેખ આર્કીટેક્ટસની નિમણુંક કરવામાં આવેલ છે. અને કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર આપી સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

મેડીટેશન કમ યોગા સેન્ટરની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.
- પ્લોટ એરીયા : ૪૪૯૦ ચોરસ મીટર
- ટોટલ બિલ્ટ અપ એરીયા : ૧૨૦૬.૪૧ ચો.મી.
- ટોટલ કાર્પેટ એરીયા : ૧૦૯૮.૧૩ ચો.મી.
- ટોટલ લેન્ડસ્કેપ એરીયા : ૨૭૪૩.૪૭ ચો.મી.
- મેડીટેશન યોગા હોલ : એરીયા ૪૦૧.૯૨ ચો.મી. - અંદાજે ૩૦૦ વ્યક્તિ
- પ્રથમ માળે વ્યુઈંગ ગેલેરી

# 3 અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અધિકારીશ્રી તથા તેમનો હોદ્દો | સત્તાઓ અને ફરજો |
|---|---|
| **શ્રી આઈ.પી. ગૌતમ, IAS. (રીટાયર્ડ), ચેરમેન** | તેઓશ્રી કંપનીના અધ્યક્ષ સ્થાને બોર્ડનું નેતૃત્વ કરે છે અને તેને લગતી વ્યુહાત્મક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. |
| **શ્રી બંછાનિધિ પાની, IAS., મ્યુનિસિપલ કમિશનરશ્રી અને મેનેજીંગ ડાયરેકટરશ્રી (હોદ્દાની રૂએ)** | તેઓશ્રી કંપનીને લગતા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાની સક્ષમ સત્તા છે, જે સંસ્થાની એકંદર કામગીરી અને વ્યુહાત્મક બાબતોનું નેતૃત્વ કરે છે. |
| **શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, IAS. એકઝીક્યુટીવ ડાયરેકટરશ્રી / ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી** | કંપનીના રોજબરોજના કાર્યોના સંચાલક છે. |
| **શ્રી જગદીશભાઈ એ.પટેલ, ચીફ જનરલ મેનેજર (ટેક.)** | પ્રોજેકટને લગતા ટેકનીકલ કાર્યો. |
| **શ્રી દિપકભાઈ પટેલ, જનરલ મેનેજર (એડમીન અને ફાયનાન્સ)** | કંપનીને લગતાં વહીવટી અને નાણાંકીય કાર્યો. |
| **શ્રી અનસૂયાબેન ઝા, જનરલ મેનેજર (પ્લાનીંગ અને ડેવ.)** | પ્રોજેકટ વિસ્તારમાં પ્લાનીંગ અને ડેવલપમેન્ટને લગતા કાર્યો. |
| **ડૉ. આસિફ મેમન, જનરલ મેનેજર (ગાર્ડન)** | પ્રોજેક્ટ વિસ્તારમાં વૃક્ષ, છોડ તથા ગાર્ડનને લગતા કાર્યો. |
| **શ્રી વિશાલભાઈ નાયક, જનરલ મેનેજર (લાઇટ)** | પ્રોજેક્ટ વિસ્તારમાં લાઇટ તથા તમામ ઈલેકટ્રીકલ ઉપકરણોને લગતા કાર્યો. |
| **શ્રી મનીષભાઈ શાહ, ડે.એચ.ઓ.ડી.,(આર એન્ડ આર)** | પ્રોજેકટના રીહેબીલીટેશન અને રીસેટલમેન્ટ ને લગતી તમામ વહીવટી કામગીરીનું સંકલન અને અમલીકરણ. |
| **શ્રી પલ્કેશભાઈ પરીખ, ડે.જનરલ મેનેજર (ટેક.)** | પ્રોજેકટને લગતા ટેકનીકલ કાર્યો. |
| **શ્રી દિપક નાયક (ડે.જનરલ મેનેજર - ઓપરેશન)** | પ્રોજેક્ટ વિસ્તારમાં હાઉસ કીપીંગ, સિક્યુરીટી તથા અન્ય ઓપરેશન લગતી કામગીરી |
| **શ્રી એ.એ.મલ (ડે. જનરલ મેનેજર - લાઇટ)** | પ્રોજેક્ટ વિસ્તારમાં લાઇટ તથા તમામ ઈલેકટ્રીકલ ઉપકરણોને લગતા કાર્યો. |
| **શ્રી દિપાબેન દવે (ડે.મેનેજર - અર્બન પ્લાનર)** | પ્રોજેકટને લગતાં અર્બન પ્લાનીંગની કામગીરી |
| **શ્રી વાય.વી. જોષી (આસી.ટી.ડી.ઓ.)** | પ્રોજેકટને લગતાં એસ્ટેટ, ટાઉન ડેવલપમેન્ટ ની કામગીરી |
| **શ્રી સુશાંત ભટ્ટ (ડે.જનરલ મેનેજર - માર્કેટીંગ)** | માર્કેટીંગને લગતા તમામ કાર્યો |

# 4 દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ

પ્રોજેક્ટને તથા કંપનીને લગતાં રોજબરોજના કાર્યોનું સંચાલન જુદા જુદા વિભાગ સંભાળતાં અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે.

નિતી વિષયક બાબતો અંગેના નિર્ણયો કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગ તથા બનાવવામાં આવેલ અન્ય કમિટીઓ દ્વારા લેવામાં આવે છે.

## સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનાં પાંચ વિભાગ છે

**ટેકનીકલ વિભાગ :** પ્રોજેક્ટનાં બાંધકામને લગતાં તમામ ઈજનેરી કામોની કામગીરી કરે છે

**વહીવટી અને નાણાં વિભાગ** : કચેરીનાં સામાન્ય વહીવટ તથા નાણાંકીય બાબતોની કામગીરી કરે છે.

**પ્લાનિંગ અને ડેવલોપમેન્ટ વિભાગ** : સાબરમતી રિવર ફ્રન્ટ પ્રોજેક્ટનાં એસ્ટેટ ટાઉન ડેવલપમેન્ટ અને અર્બન પ્લાનીંગને લગતી તમામ કામગીરી કરે છે.

**લાઈટ વિભાગ** : પ્રોજેક્ટ વિસ્તારમાં લાઈટ તથા તમામ ઈલેક્ટ્રીકલ ઉપકરણોને લગતી કામગીરી કરે છે.

**ગાર્ડન વિભાગ** : પ્રોજેક્ટ વિસ્તારમાં વૃક્ષ, છોડ તથા ગાર્ડનને લગતી કામગીરી કરે છે.

# 5 પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલ ધોરણો

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત શહેરીજનો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના હેતુસર નદીની પૂર્વ બાજુ સુભાષબ્રીજ પાસે રિવરફ્રન્ટ પાર્ક અને ચિલ્ડ્રન પાર્ક, નદીની પશ્ચિમ બાજુ ઉસ્માનપુરા પાસે રિવરફ્રન્ટ પાર્ક, નદીની પશ્ચિમ બાજુ એલીસબ્રીજ પાસે ફ્લાવરપાર્ક વગેરે વિકસાવવામાં આવેલ છે. જેમાં શહેરીજનો દ્વારા મુલાકાત લેવામાં આવે છે.

રિક્રીએશન એક્ટીવિટીના ભાગરૂપે શહેરીજનો માટે નદીના પશ્ચિમ કિનારે ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાર્ક ખાતે, વલ્લભસદન ખાતે તથા સરદાર બ્રિજ પાસે બોટીંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં નદીના પૂર્વ બાજુ સુભાષબ્રીજ રિવરફ્રન્ટ પાર્ક ખાતે, નદીના પશ્ચિમ બાજુ ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાર્ક ખાતે તથા સરદારબ્રીજ નીચે લોઅર પ્રોમીનાડ પર સાયકલ શેરીંગ પ્રોજેક્ટના ભાગરૂપે શહેરીજનો માટે સાયકલ શેરીંગ, ઈલેક્ટ્રીક સ્કુટર (બુઝ બાઈક) ની સુવિધા કાર્યરત કરવામાં આવેલ છે જેને શહેરીજનો દ્વારા સારો પ્રતિસાદ મળેલ છે.

ટાગોર હોલ પાસે ઈવેન્ટ સેન્ટરનું નિર્માણ કરવામાં આવેલ છે જેમાં શહેરીજનો/સંસ્થાઓ દ્વારા સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, પ્રદર્શનો, સંગીત કાર્યક્રમો યોજવામાં આવે છે તથા સરકારશ્રી દ્વારા સરકારી કાર્યક્રમો યોજવામાં આવે છે.

શહેરીજનો પ્રકૃતિને નજીકથી માણી શકે તથા પક્ષીઓના સંવર્ધન હેતુ રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં નદીની પશ્ચિમ બાજુ આંબેડકરબ્રીજ પાસે બાયો-ડાયવર્સિટીનુ નિર્માણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટની પશ્ચિમ બાજુએ એલિસબ્રીજ અને નહેરૂબ્રીજ ની વચ્ચે નવિનિકરણ કરી બી.જે.પાર્કનું નિર્માણ કરવામાં આવેલ છે. આ પાર્ક તા. ૨૯/૧૨/૨૦૨૩ થી જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે. સદર પાર્કમાં વર્ષો જુના વૃક્ષો, ચિલ્ડ્રન પ્લે એરીયા, ઓપન જીમ ઈક્વીપમેન્ટસ તેમજ અન્ય મનોરંજનના સાધનો ઉપલબ્ધ છે.

# 6 પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકોર્ડ

- કંપની એક્ટ ૨૦13 મુજબ કંપનીનું સંચાલન કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા સરક્યુલરો, ઓફિસ ઓર્ડર તથા ઠરાવો.

# 7 પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક

1. મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ
2. આર્ટીકલ્સ ઓફ એસોસીયેશન
3. ઈન્ફોર્મેશન રીલેટેડ ટુ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ
4. પ્રોજેક્ટ રીલેટેડ ડોક્યુમેન્ટસ એન્ડ મેપ્સ
5. અ. મ્યુ. કો અને એસ.આર.એફ.ડી.સી.એલ વચ્ચે થયેલ કન્સેશન એગ્રીમેન્ટ

## 8 તેની નીતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચારવિનિમય માટે અથવા તેમના નામ દ્વારા રજૂઆત માટેની વિધ્યમાન કોઈ ગોઠવણની વિગતો

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માનનીય મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી અને મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતાશ્રી આમ ત્રણેયનો પ્રજાના પ્રતિનિધિઓ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે તથા તેઓશ્રીઓ પ્રોજેક્ટ તેમજ કંપનીના નીતિ વિષયક નિર્ણયોમાં મહત્વની ભુમિકા ભજવે છે.

**9**

**તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ?**

ના

# 10 તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, આઈ.એ.એસ. | એકઝીક્યુટીવ ડાયરેક્ટર |
| ૨ | શ્રી જગદીશભાઈ એ.પટેલ | ચીફ જનરલ મેનેજર (ટેક.) |
| ૩ | શ્રી દિપકભાઈ પટેલ | જનરલ મેનેજર (એડમીન અને ફાઈનાન્સ) |
| ૪ | શ્રી અનસૂયાબેન ઝા | જનરલ મેનેજર (પ્લાનીંગ અને ડેવ.) |
| ૫ | શ્રી વિશાલભાઈ નાયક | જનરલ મેનેજર (ઇલેક્ટ્રીકલ) |
| ૬ | ડૉ. આસિફ મેમન | જનરલ મેનેજર (ગાર્ડન) |
| ૭ | શ્રી પલ્કેશભાઈ પરીખ | ડે.જનરલ મેનેજર (ટેક.) ઈન્ચાર્જ |
| ૮ | શ્રી એ.એ.મલ | ડે.જનરલ મેનેજર (લાઈટ) |
| ૯ | શ્રી દિપક નાયક | ડે.જનરલ મેનેજર (ઓપરેશન) |
| ૧૦ | શ્રી શુશાંત ભટ્ટ | ડે.જનરલ મેનેજર (માર્કેટીંગ) |
| ૧૧ | શ્રી દિપાબેન દવે | ડે.મેનેજર (અર્બન પ્લાનર) |
| ૧૨ | શ્રી વાય.વી.જોષી | આસી.ટી.ડી.ઓ. (પ્લાનીંગ અને ડેવ.) |
| ૧૩ | શ્રી મનિષભાઈ શાહ | ડે.એચ.ઓ.ડી. (આર એન્ડ આર) |
| ૧૪ | શ્રી દિશા શાહ | આસી. મેનેજર (એચ.આર.) |
| ૧૫ | શ્રી કલ્પેશ પટેલ | આસી. મેનેજર (એડમીન) |
| ૧૬ | શ્રી મહેન્દ્રભાઈ રાઠોડ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૭ | શ્રી મનિષ પટેલ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૮ | શ્રી વર્ષાબેન પટેલ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૯ | શ્રી અર્પિતા જે. મીસ્ત્રી | આસી.સીટી.એન્જીનીયર (લાઈટ) |

## 11 તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પદ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક વળતર

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન માંથી ફાળવવામાં આવેલ કર્મચારીઓને માસિક વળતર મ્યુનિસિપલ કોર્પોરેશનના ધારા-ધોરણો મુજબ કરવામાં આવે છે. જ્યારે અત્રે કંપનીમાં કન્સલ્ટન્ટ તરીકે રાખવામાં આવેલ કન્સલ્ટન્ટોને તથા અન્ય કાર્યો માટે રાખવામાં આવેલ કર્મચારીઓને નક્કી થયા મુજબ ઉચ્ચક ફી/પગાર વળતર રૂપે આપવામાં આવે છે

# 12 તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને કરેલ વહેંચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતી તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર

**લાગુ પડતું નથી**

# 13 ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત

લાગુ પડતું નથી

# 14 તેણે આપેલ છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારની વિગતો

**લાગુ પડતું નથી**

# 15 ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેણે ધરાવેલ માહિતી ને લગતી વિગતો

**પ્રોજેક્ટ ડીટેઈલ્સ**

(1) https://sabarmatiriverfront.com

(2) https://ahmedabadcity.gov.in

# 16 જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનાલયના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો

**લાગુ પડતું નથી**

# 17 જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દોઓ અને બીજી વિગતો

## વિભાગનું નામ:- સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.
## ફોન નં. ૦૭૯-૨૬૫૮૦૪૩૦, ઈ-મેઈલ :- office@srfdcl.com

| અ.નં. | વિભાગનું નામ | જાહેર માહિતી અધિકારી | અપીલ અધિકારી |
|---|---|---|---|
| ૧. | એડમીન અને ફાઇનાન્સ | શ્રી દિશા શાહ, આસી.મેનેજર (એચ.આર.)<br>મો.નં. 9978007204 | શ્રી દિપકભાઈ પટેલ, જનરલ મેનેજર (એ એન્ડ એફ)<br>મો.નં. 9327038810 |
| ૨. | આર એન્ડ આર (R & R) | શ્રી મનિષભાઈ શાહ, ડે.એચ.ઓ.ડી. (આર એન્ડ આર)<br>મો.નં. 9376195722 | શ્રી દિપકભાઈ પટેલ, જનરલ મેનેજર (એ એન્ડ એફ)<br>મો.નં. 9327038810 |
| 3. | ગાર્ડન | શ્રી હર્ષિદા ચાવડા, ગાર્ડન સુપરવાઈઝર<br>મો.નં. 8320044046 | ડૉ. આસિફ મેમન, જનરલ મેનેજર (ગાર્ડન)<br>મો.નં. 9376411873 |
| ૪. | પ્લાનિંગ અને ડેવલોપમેન્ટ વિભાગ | શ્રી વાય.વી. જોષી, આસી.ટી.ડી.ઓ.<br>મો.નં. 9426301753 | શ્રી અનસૂયાબેન ઝા, જનરલ મેનેજર (પી એન્ડ ડી)<br>મો.નં. 8980988989 |
| ૫. | ઈજનેર (ટેકનિકલ) | શ્રી પલ્કેશભાઈ પરીખ, ડે.જનરલ મેનેજર (ટેક.)<br>મો.નં. 9327038701 | શ્રી જગદીશભાઈ પટેલ, ચીફ જનરલ મેનેજર (ટેક.)<br>મો.નં. 9327038690 |
| ૬. | લાઇટ | શ્રી એ.એ.મલ, ડે.જનરલ મેનેજર (લાઇટ)<br>મો.નં. 9376017565 | શ્રી વિશાલભાઈ નાયક, જનરલ મેનેજર (લાઇટ)<br>મો.નં. 9712967724 |

# 18 ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી

**લાગુ પડતું નથી**

# 19 એનેક્ષર-એ - પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, મારી વડી કચેરી તથા મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૪ (૧) (ખ) અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર) (P.A.D) તૈયાર કરવામાં આવેલ છે અને તા:- ૦૧.૦૫.૨૦૨૬ ની સ્થિતિએ અધ્યતન કરવામાં આવેલ છે જે બાબતે કોઈ ક્ષતિ રહેલ નથી તેમજ કોઈપણ પ્રકારની વિગતો બાકી નથી.

તા:- ૨૨-૦૫-2026ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળોના પ્રો-એક્ટીવ ડીકલોઝર (P.A.D) નું ઈન્સપેકશન-કમ-ઓડિટ બાકી રહેલ નથી.

26/05/26

(ખાતાના વડા)
જનરલ મેનેજર (એ એન્ડ એફ)
કચેરીનું નામ:- સા.રી.ફ્.ડે.કો.લી.

**તા:-** ૨૨.૦૫.૨૦૨૬

**મુખ્ય મથક:-** સા.રી.ફ્.ડે.કો.લી.